સુરતમાં પરંપરાગત રીતે અલગ-અલગ સમાજની રક્ષાબંધનની ઉજવણી

નારિયેળી પૂનમ એટલે કે રક્ષાબંધન મૂળ સુરતી ભલે બીજા દિવસે એટલે કે આજે બળેવ ઉજવશે. પરંતુ અહીં વસતા જુદા જુદા સમાજના લોકોએ તેમની પરંપરા અનુસાર રાખડી બાંધીને અને જનોઇ બદલીને આ દિવસની ઉજવણી કરી હતી.

(તસવીર : સતીષ જાદવ)

પદ્મશાળી સમાજ દ્વારા સામૂહિક જનોઈ પરિવર્તન

લિંબાયત પ્રતાપનગર સ્થિત શ્રી માર્કંડેશ્વર પદ્મશાળી જ્ઞાતિ સંસ્થા અને શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનની ઉજવણી નિમિત્તે મંદિર પ્રાંગણમાં સવારે ગાયત્રી હવન-પૂજા તથા સામૂહિક જનોઈ પરિવર્તનનો કાર્યક્રમ યોજાયો હતો. સાંજના સમયે ભગવાન માર્કંડેશ્વરની પાલખી રથયાત્રા આશાપુરી ભાગ્યનગરથી પ્રારંભ થઈ આશાપુરી બાલાજી નગર, શ્રીજી નગર, રામ મંદિર ચાર રસ્તા, સહજાનંદ સોસાયટી, બજરંગ નગર, મમતા ટોકીઝ, મહાપ્રભુનગર ચાર રસ્તા, અંબાનગર અને મારુતિ નગર ચાર રસ્તા થઈને પ્રતાપનગર સ્થિત શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે સંપન્ન થઈ હતી.

લાજપોર જેલમાં ભાઇનો હાથ પકડીને બહેન રડતી રહી

નના પવિત્ર પર્વ નિમિત્તે લાજપોર જેલમાં આજે લાગણીસભર દૃશ્યો જોવા મળ્યા હતા. બહેનોએ ભાઈઓના કપાળે તિલક કરી, મીઠાઈ ખવડાવી રાખડી બાંધી હતી. આ દરમિયાન એક મુસ્લિમ બહેન પોતાના કેદી ભાઈને રાખડી બાંધવા માટે લાજપોર જેલ પહોંચી હતી. રાખડી બાંધ્યા બાદ ભાઈથી વિખૂટા પડવાનો સમય આવ્યો ત્યારે બહેન ભાવુક બની ગઈ હતી. મુલાકાતનો સમય પૂર્ણ થઈ ગયો હોવા છતાં તેણે ભાઈનો હાથ પકડી રાખ્યો હતો અને સતત રડતી રહી હતી. પોલીસે બહેનને સાંત્વના આપી ભારે હૈયે સમજાવી હતી અને ભાઈથી છૂટી પાડી બહાર મોકલી હતી.

ઉદેપુરની જેમ પાલના સિદ્ધિવિનાયક મંદિરમાં બિરાજે છે એકલિંગ મહાદેવ

શ્રાવણમાં મહાદેવનો મહિમા

પાલ આરટીઓ પાસે આવેલા સિદ્ધિવિનાયક મંદિર પરિસરમાં વર્ષ 2016માં એકલિંગ મહાદેવની સ્થાપના કરવામાં આવી હતી. ઉદયપુરમાં બિરાજમાન પ્રસિદ્ધ એકલિંગ મહાદેવની પરંપરાને અનુરૂપ અહીં પણ ભગવાન શિવની પૂજા-અર્ચના કરવામાં આવે છે. રાજસ્થાનના લોકો માટે એકલિંગ મહાદેવ ઇષ્ટદેવ તરીકે વિશેષ આસ્થાનું સ્થાન ધરાવે છે. જેના કારણે સુરતમાં વસતા રાજસ્થાની સમાજના લોકો મોટી સંખ્યામાં અહીં દર્શન અને પૂજા-અર્ચના માટે આવે છે. ખાસ કરીને શ્રાવણ માસ સહિતના ધાર્મિક પર્વોમાં મંદિર ખાતે ભક્તોની અવરજવર વધે છે. એકલિંગ મહાદેવના દર્શન કરી ભક્તો સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે.

૫૦ લાખની ખંડણી માટે જમીન દલાલનું અપહરણ કરી કિડની વેચી દેવાની ધમકી

મુંબઈ-ભુજની ગેંગે આંગડિયાના બહાને વેપારીને જાળમાં ફસાવી પર્સમાંથી ચેકો, રોકડ અને ગાડીના કાગળો બળજબરીથી પડાવ્યા

૧૦૦ મીટર દૂર આવેલી પોલીસ ચોકીની ટીમે ઘટના સ્થળે પહોંચી જમીન દલાલનો જીવ બચાવ્યો

સુરતઃ વેસુ વિસ્તારમાં ૫૦ લાખ રૂપિયાની વસૂલી માટે જમીન દલાલનું અપહરણ કરવાનો પ્રયાસ અને કિડની વેચી દેવાની ધમકી આપી ખંડણી માંગવાનો કિસ્સો સામે આવ્યો છે.

વેસુ વીઆઈપી રોડ પર આવેલા માઈલ સ્ટોન સેવન હેવન ખાતે રહેતા અને જમીન લે-વેચનો ધંધો કરતા વિનીત રજનીકાંત દેસાઈ (ઉ.વ.૪૦)ની ઓળખાણ ઓક્ટોબર ૨૦૨૪માં ભુજના મોઈન ચાકી સાથે થઈ હતી. મે-૨૦૨૬માં મોઈને દિલ્હીથી આંગડિયા મારફતે ૫૦ લાખ રૂપિયા સુરત મોકલવાના હોવાનું જણાવી કોઈ ઓળખીતા આંગડિયાની માંગણી કરી હતી. વિનીતભાઈએ માનવતાના ધોરણે મુંબઈના બબલુ ઉર્ફે આસિકખાનનો સંપર્ક કરાવી આપ્યો હતો. ત્યારબાદ આ રકમ મુદ્દે મોઈને વિનીતભાઈને ટાર્ગેટ કરવાનું શરૂ કર્યું હતું. જુલાઈ-૨૦૨૬માં મોઈને સુરત આવી વિનીતભાઈને ધમકાવી પર્સમાંથી એચ્યુ સ્મોલ ફાઈનાન્સ બેંકના બે સહી કરેલા ચેક પડાવી લીધા હતા. બાદમાં ૧૫ જુલાઈના રોજ ૨૦ લાખનો ચેક રિટર્ન કરાવી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. ૨૩ અને ૨૬ ઓગસ્ટના રોજ વિનીતભાઈને સુરત રેલવે સ્ટેશન પાસે બોલાવી ગોંધી દીધા હતા એટલું જ નહીં, કિડની વેચીને પણ પૈસા વસૂલવાની ધમકી આપી બળજબરીથી ૫૦ લાખની કબૂલાત કરતો વિડીયો ઊતરાવ્યો હતો અને કારમાંથી જમીનના દસ્તાવેજો તથા ૫,૦૦૦ રોકડા લૂંટી લીધા હતા.

૨૭ ઓગસ્ટના રોજ બપોરે મોઈન ચાકી, મુસા અને ઈમરાન ખાને સફેદ i20 કાર (GJ-05-RP-2527) માં વિનીતભાઈને બેસાડી અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વિનીતભાઈએ બૂમાબૂમ કરતા જ ૧૦૦ મીટર દૂર આવેલી પોલીસ ચોકીમાંથી પોલીસે દોડી આવી વિનીતભાઈને ઉગારી લઈ મોઈન હુશેન ચાકી (રહે.,ભુજ), મુસા મોહમ્મદ મુખ્તાર ફંડોલે (રહે.,થાણે, મુંબઈ) અને ઈમરાન મુસ્તાક ખાન (રહે.,લિંબાયત, સુરત)ની ધરપકડ કરી હતી.

અનૈતિક સંબંધો ઉઘાડા થતાં પતિ-નણદોઈની મારી નાંખવાની ધમકી

ગાંધીનગરના માણસાના યોગેશ પ્રજાપતિએ પોતાના બનેવી સાથે સોશિયલ મીડિયામાં લાઈવ ધમકી આપતાં ગુનો નોંધાયો

સુરત : કતારગામ દરવાજા પાસે રહેતી યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કર્યા બાદ લફરાબાજ પતિ અને સાસુ-સસરાએ મારઝૂડ કરી ત્રાસ ગુજાર્યો હતો. આટલું જ નહીં, પતિની અગાઉની બળાત્કાર-અપહરણની કરતૂતો તેમજ અન્ય છોકરીઓ સાથેના સંબંધો ખુલ્લા પડી જતાં પતિ અને તેના બનેવીએ સોશિયલ મીડિયા પર લાઈવ થઈ પરિણીતાને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

કતારગામ દરવાજા નજીક એક સોસાયટીમાં રહેતી કાજલબેન નામ બદલ્યું છે (ઉ.વ.૨૫) ના લગ્ન ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ગાંધીનગરના માણસા તાલુકાના ખરણા ગામના યોગેશ પ્રવિણભાઈ પ્રજાપતિ સાથે થયા હતા. અગાઉ બે છૂટાછેડા મેળવી ચૂકેલી કાજલબેનને સિદ્ધપુરના મેળામાં યોગેશ સાથે મુલાકાત થતાં પ્રેમ થયો હતો અને પવિત્ર મંડપમાં ત્રીજા લગ્ન કર્યા હતા. લગ્નના એક મહિના સુધી બધું સારું ચાલ્યા બાદ પતિ અને સાસુ-સસરાએ નાની નાની બાબતોમાં ઝઘડા કરી મારઝૂડ શરૂ કરી હતી. દરમિયાન કાજલબેનના હાથે યોગેશના અગાઉના લગ્ન-છૂટાછેડાના કાગળો લાગ્યા હતા. વધુ તપાસ કરતાં સામે આવ્યું હતું કે, અગાઉ પડોશમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને ભગાડી જતાં યોગેશ વિરુદ્ધ અપહરણ અને બળાત્કારનો ગુનો દાખલ થયો હતો અને તે ત્રણ મહિના જેલમાં પણ રહી આવ્યો હતો.

આ સિવાય ઈશ્વરપુરાની હીરલ નામની યુવતી સાથે લફરું હોવાની પણ ફરિયાદો થઈ હતી. તેમ છતાં સુધરી જવાની આશાએ રહેલી કાજલબેન સાથે યોગેશે ૧૧ માર્ચ અને ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ ગળું દબાવી ઢોર માર માર્યો હતો. પતિના મોબાઈલમાંથી ઘણી છોકરીઓના વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ ચેટ મળી આવતાં કાજલબેન પિયર આવી ગયા હતા. ત્યારે પતિ અને સસરાએ સામેથી ૮ લાખના દાગીના ચોરીની ખોટી ફરિયાદ કરવાની ધમકી આપી હતી. આટલેથી ન અટકતા ૧૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પતિ યોગેશ અને તેના બનેવી મેહુલકુમાર પ્રજાપતિ (રહે. ગોરાદ, મહેસાણા)એ સોશિયલ મીડિયામાં લાઈવ થઈ રેખાબેનને બિભત્સ ગાળો આપી ધમકીઓ આપી હતી. આખરે ભોગ બનનાર પરિણીતાએ મહિલા પોલીસ મથકે પતિ, સાસુ-સસરા અને બનેવી સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

સંક્ષિપ્ત સમાચાર

પી. પી. સવાણી યુનિવર્સિટીમાં અદ્યતન Simulation Labનું ભવ્ય ઉદ્ઘાટન

સુરતઃ પી.પી. સવાણી યુનિવર્સિટી ખાતે તા.21મી ઓગસ્ટના રોજ હેલ્થકેર ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે અદ્યતન સ્પંદન સિમ્યુલેશન લેબનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા, મુખ્ય અતિથિ તરીકે કિરણ જેમ્સના વલ્લભભાઈ લખાણી હાજર રહ્યા હતા. આ લેબનો લાભ પી. પી. સવાણી યુનિવર્સિટીની વિવિધ હેલ્થકેર સંસ્થાઓના નર્સિંગ, ફિઝિયોથેરાપી, હોમિયોપેથીક અને આયુર્વેદીક કોલેજના વિદ્યાર્થીઓને મળશે.

ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલની તાઈક્વોન્ડોમાં શાનદાર ત્રિપલ સિદ્ધિ

સુરતઃ ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલની પ્રતિભાશાળી ખેલાડી યશવી કાવાએ ઓડિશામાં યોજાયેલી નેશનલ યુથ તાઈક્વોન્ડો સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવવાની સાથે તાઈક્વોન્ડો રમતમાં ઉત્કૃષ્ટ રમતગમત સિદ્ધિ બદલ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા પ્રતિષ્ઠિત "સરદાર પટેલ જુનિયર એવોર્ડ" અને પુણે, મહારાષ્ટ્ર ખાતે યોજાયેલી 5મી ઈન્ડિયા તાઈક્વોન્ડો ક્યોરુગી નેશનલ ચેમ્પિયનશિપ 2026-27 (ફેડરેશન નેશનલ)માં સિલ્વર મેડલ જીતી શાળાને ગૌરવ અપાવ્યું છે. આ પ્રસંગે ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, શાળા સંચાલન, કોચિંગ ટીમ, શિક્ષકો અને વાલીઓએ યશવી કાવાને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

સુરતના ઉદ્યોગપતિ અને આગેવાન મહેન્દ્રભાઈ કતારગામવાળાનું નિધન

મહેન્દ્ર કતારગામવાળા પૂર્વ ચેમ્બર પ્રમુખ હોવાની સાથે અનેક સામાજિક સંસ્થા સાથે જોડાયેલા હતા

ડેપ્યુટી CM હર્ષ સંઘવી સહિત અગ્રણીઓએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી

સુરતઃ સુરતના જાણીતા ઉદ્યોગપતિ, સામાજિક આગેવાન અને વેપાર-ઉદ્યોગ જગતમાં આગવું સ્થાન ધરાવતા મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળાનું 76 વર્ષની વયે દુઃખદ નિધન થતાં સમગ્ર સુરત શહેર અને ઉદ્યોગજગતમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. લાંબા સમયથી કિડનીની બીમારીથી પીડાતા મહેન્દ્રભાઈની મુંબઈ અને ત્યારબાદ સુરતની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મહેન્દ્રભાઈ કતારગામવાળા ધ સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પૂર્વ પ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા હતા. વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ સાથે પણ તેઓ વર્ષોથી સક્રિય રીતે જોડાયેલા રહ્યા હતા. આ ઉપરાંત શહેરની અનેક હોસ્પિટલોમાં ટ્રસ્ટી તરીકે સેવા આપીને તેમણે આરોગ્ય ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું હતું. મહેન્દ્રભાઈના પાર્થિવ દેહના અંતિમ દર્શન માટે ગુજરાતના ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવી સહિત શહેરના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ, સામાજિક આગેવાનો અને અગ્રણી શ્રેષ્ઠીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સદ્ગતને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. બપોરે વરાછા ખાતેના તેમના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળી હતી.

મનપાનું વરાછા ઝોનનો આરોગ્ય વિભાગ ફૂટેલી કારતૂસ સમાન

મોટા વરાછાની લા-પિનોઝને બંધ કરી દંડ કરાયો પરંતુ અધિકારીએ વિગતો છુપાવી

અડાજણ ડી-માર્ટની જેમ જ અહીં પણ સરથાણા ઝોનના આરોગ્ય વિભાગનું પણ સેટિંગ?

સુરતઃ મોટા વરાછાના લઝામણી ચોક સ્થિત 'લા-પિનોઝ પીઝા'ના પીઝામાંથી ઈયળ નીકળવાની રીલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છતાં સરથાણા ઝોનના આરોગ્યતંત્રે શરૂઆતમાં આંખ આડા કાન કર્યા હતા. મામલો ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચ્યા બાદ ડૉ. અર્પિત દુધવાલાની આગેવાની હેઠળ રાત્રે ૨ વાગ્યા સુધી તપાસ ચાલી, વાંધાજનક બાબતો મળતાં રૂ. ૩૦,૦૦૦ નો દંડ વસૂલાયો અને આઉટલેટ બંધ કરાવાયું હોવાની માહિતી સામે આવી. પરંતુ, આટલી ગંભીર કાર્યવાહી અંગે તંત્ર તરફથી સત્તાવાર કોઈ ખુલાસો કે વિગતો જાહેર કરાઈ જ નહીં! શું આ બારોબાર ભીનું સંકેલવાનો પ્રયાસ નહોતો? અગાઉ અડાજણના ડી-માર્ટમાં ફૂગવાળી બ્રેડ વેચાવાના કિસ્સામાં પણ ફૂડ સેફ્ટી ઈન્સ્પેક્ટર સમિત દેસાઈની ભૂમિકા સામે સવાલો ઊઠ્યા હતા. જો સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોથી બબાલ ન થઈ હોત, તો શું તંત્ર તપાસ કરવાની પણ તસ્દી લેત? મનપા શાસકો અને ઉચ્ચ અધિકારીઓએ આ મામલે તાત્કાલિક દખલગીરી કરી ઢાંકપીછોડો કરનારા જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવા જોઈએ.

અડાજણમાં દારૂના નશામાં છાકટા બનેલા યુવકે ભારે ધમાલ મચાવી

સુરતઃ અડાજણ સબ ફાયર ઓફિસર સંપત સુથારના જણાવ્યા મુજબ લિંક એપાર્ટમેન્ટમાં સી વિંગમાં 14 નંબરના ફ્લેટમાં 35 વર્ષય યુસુફ મેમણ તેના પરિવાર સાથે રહે છે. શુક્રવારે સાંજે 6:30 કલાકે તે નશાની હાલતમાં ધમાલ કરી રહ્યો હતો અને રૂમનો દરવાજો અંદરથી બંધ કરી પુરાઈ ગયો હતો. પરિજનોએ પહેલા પ્રયાસ કર્યા બાદ અંતે ફાયરને કહેતા જવાનોએ દરવાજાને બળપૂર્વક ધક્કો મારતાં ઉઘડી ગયો હતો, પણ યુવકે બાથરૂમનો દરવાજો લોક કરી નાંખ્યો હતો. ફાયરના જવાનોએ બાથરૂનો દરવાજો પણ ઉઘાડી નાંખી અંતે તેને રેસ્ક્યુ કરી લીધો હતો. ફાયર બ્રિગેડની ટીમે યુવકને પકડીને સ્થળ પર દોડી આવેલી પોલીસને હવાલે કરી દીધો હતો.

સુરતના કાવ્ય નાયકે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

સુરતઃ તા.૩૧ જુલાઈ થી ૨ ઓગષ્ટ ૨૦૨૬ના રોજ પટાયા,બેંગકોક (થાઇલેન્ડ) ખાતે યોજાયેલી ૯મી હીરોસ ટેકવોન્ડો ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપ- ૨૦૨૬માં કાવ્ય નાયકે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ગુજરાત તરફથી 59 કિલોની કેટેગરીમાં ડાયનેમિક વોરિયર્સના નેશનલ કોચ પમિર શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર થનાર વિદ્યાર્થીઓ પૈકી મિલેનિયમ સ્કૂલ, સુરત, ધોરણ ૧૦ના વિદ્યાર્થી કાવ્ય નાયકે ગોલ્ડ મેડલ મેળવી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

જે દીવાને કોઈ આવરણ નથી તે પવનમાં બુઝાઈ જાય છે: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, જીવનમાં પ્રત્યેક ક્ષેત્રે મર્યાદા તે બંધન નહીં, પણ મુક્તિ છે. દીવાની આસપાસ જો ગ્લાસનું આવરણ છે તો એ દીવો પવનના હુમલા વચ્ચે પણ પ્રજ્વલિત રહી શકે છે, પણ જે દીવાને કોઈ આવરણ નથી અને ખુલ્લો જ છે એ દીવો પવનનો હુમલો થતાં જ બુઝાઈ જાય છે. ભૌતિકતાના ક્ષેત્રે જ્યારે પ્રલોભનોના વાવાઝોડા ત્રાટકે છે ત્યારે જીવન પર કોઈ નિયંત્રણો નહીં હોય તો જીવનના પવિત્રતારૂપી દીપકને બુઝાતા વાર લાગતી નથી. જેમ પાકને વાડની, પૈસાને પાકીટની, ઘરેણાંને તિજોરીની, નદીને કિનારાની તેમ જીવનને મર્યાદાની જરૂર છે. જે પણ વર્તનને કે વ્યવહારને મર્યાદા હોય છે.

નવી સિવિલમાં રક્ષાબંધનની ઉજવણી કરાઈ

સુરતઃ ભાઈ-બહેનના પવિત્ર સંબંધના પર્વ રક્ષાબંધનની નવી સિવિલ હોસ્પિટલમાં સેવાભાવ અને સામાજિક સમરસતાના માહોલ વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી. ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીના બેન હેની અને તબીબી અધિક્ષક ડો. પારૂલ વડગામાએ સિવિલના સ્ટાફને રાખડી બાંધી હતી. જ્યારે સફાઈકર્મી બહેનોએ વિવિધ વિભાગોના વડાઓ, તબીબો, 108 કર્મચારીઓ ઉપરાંત વોર્ડમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને પથારીવશ દર્દીઓને પણ રાખડી બાંધી તેમના ઉત્તમ સ્વાસ્થ્યની કામના કરી હતી. તબીબી અધિક્ષક ડો. પારૂલ વડગામાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે RMO ડો. કેતન નાયક, ડો. ઋતંભરા મહેતા, ડો. જિગીષા પાટડીયા, નર્સિંગ અગ્રણી ઇકબાલ કડીવાલા, ડો. લક્ષ્મણ તેહલાણી, નિરજા પટેલ સહિતના તબીબો, નર્સિંગ સ્ટાફ અને રેસિડેન્ટ તબીબોને રાખડી બાંધવામાં આવી હતી.

સુરત ક્ષત્રિય સમાજની મહિલાઓની ડ્રોઇંગ સ્પર્ધા

સુરતઃ શ્રી સુરત ક્ષત્રિય (ખત્રી) સમાજની મહિલા-દીપિકા જરીવાલા અને ચૈતાલી લીલાવાલા દ્વારા ડ્રોઇંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૨૫ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૧૫ વિદ્યાર્થીઓને એવોર્ડ અને ઈનામો આપવામાં આવ્યાં હતાં. સાથે સ્પર્ધામાં ભાગ લેનાર દરેકને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યાં હતાં. ઈનામો અને એવોર્ડ ચૈતાલી દમવાલાનાં હસ્તે આપવામાં આવ્યાં હતાં.

રક્ષાબંધન વધુ 'સ્વીટ' બન્યું, આશરે 1000 ટન મીઠાઈ ખવાઈ ગયાનો અંદાજ

એકલી સુમુલ ડેરીએ જ 80 હજાર કિલો મીઠાઈ, 33 હજાર કિલો શ્રીખંડ અને 7,500 કિલો ખોયાનું વેચાણ કર્યું

સુરતીઓએ કાજુકતરી, મોહનથાળ, પેંડા વધુ ખરીદ્યા

સુરતમાં સ્થાનિક વેપારીઓના અંદાજ મુજબ રક્ષાબંધન અને તેના આગલા-પાછલા દિવસો મળીને સુરત શહેરમાં આશરે ૭૦૦ થી ૧૦૦૦ ટન જેટલી વિવિધ પ્રકારની મીઠાઈઓનું વેચાણ થયું હશે. જેમાં સુરતીઓ મુખ્યત્વે ઘારી, કાજુ કાતરી, મોહનથાળ, વિવિધ પ્રકારના પેંડા, બુંદીના લાડુ અને ડ્રાયફ્રૂટ બાઈટ્સ વધુ પસંદ કર્યા છે. કુલ વેચાણ આશરે ૪૦ થી ૫૦ કરોડની આસપાસ પહોંચી ગયાની સંભાવના છે. ઉપરાંત ઘરગથ્થું રીતે પણ હજારો કિલો મિઠાઈ બની હોવાની સંભાવના છે.

સુરતઃ રક્ષાબંધન પર્વને લઈને સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં મીઠાઈ અને દૂધની બનાવટોની ખરીદીમાં વધારો જોવા મળ્યો હતો. ભાઈ-બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધન નિમિત્તે સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (સુમુલ ડેરી) દ્વારા વિવિધ દૂધની બનાવટો અને મીઠાઈઓનું ખાસ વેચાણ કરવામાં આવ્યું હતું. તહેવાર દરમિયાન સુમુલની પ્રોડક્ટ્સને ગ્રાહકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

રક્ષાબંધનના તહેવાર દરમિયાન સુમુલ દ્વારા કુલ 80,000 કિલો મીઠાઈનું વેચાણ થયું હતું. તહેવારની મીઠાશમાં શ્રીખંડની પણ મોટી માંગ રહી હતી. સુમુલના આંકડા મુજબ રક્ષાબંધન પર્વ દરમિયાન 33,000 કિલો શ્રીખંડનું વેચાણ નોંધાયું હતું. આ ઉપરાંત રક્ષાબંધન નિમિત્તે ઘરે મીઠાઈ તથા અન્ય વાનગીઓ બનાવવા માટે ખોયા-માવાની પણ નોંધપાત્ર માંગ રહી હતી. તહેવાર દરમિયાન 7,500 કિલો ખોયા/માવાનું વેચાણ થયું હતું. આમ, માત્ર આ ત્રણ કેટેગરીમાં જ સુમુલની પ્રોડક્ટ્સનું કુલ વેચાણ 1,20,500 કિલો એટલે કે 120.5 ટન થયું છે. તેમાં સૌથી વધુ હિસ્સો મીઠાઈનો રહ્યો હતો, જ્યારે શ્રીખંડની પણ મોટી માત્રામાં ખરીદી કરવામાં આવી હતી . સુમુલના વેચાણના આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે રક્ષાબંધન પર્વે સુરત અને આસપાસના વિસ્તારોમાં દૂધ આધારિત મીઠાઈની ગ્રાહકોની માંગ યથાવત્ રહી છે. ઉપરાંત અન્ય ડેરી અને મિઠાઈની દુકાનો દ્વારા પણ મોટાપાયે મિઠાઈ વેચાઈ હતી.

કાપડ માર્કેટમાં ૧.૨૮ કરોડની ઠગાઈનો ૧૧ વેપારી-જોબવર્કર્સ ભોગ બન્યા

શ્રીજી કેમ્પસમાં ઓનલાઇન વર્કના નામે કાપડનું જોબવર્ક કરાવી પેમેન્ટ ન ચૂકવ્યું

આરોપી ગૌતમ ડોબરીયા, યુગ ભૂત અને નયન સામે ગુનો નોંધાયો

સુરત : સરથાણા અને લસકાણા વિસ્તારમાં ઓનલાઈન વર્ક અને ગોડાઉનના નામે ધંધો કરતા ગૌતમ ડોબરીયા, યુગ ભૂત અને નયન નામના શખ્સોએ એક-બે નહીં પરંતુ ૧૧ જેટલા વેપારીઓ પાસેથી કાપડ મેળવી અને જોબવર્ક કરાવી કુલ રૂપિયા ૧,૨૮,૨૪,૨૪૯નું પેમેન્ટ ન ચૂકવી ઠગાઈ આચરી છે. ઘટના અંગે સરથાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરથાણાના પ્રભુદર્શન સોસાયટીમાં રહેતા અને લસકાણા ખાતે હેલી ફેશન નામે એમ્બ્રોડરીનું ખાતું ચલાવતા પ્રકાશભાઈ કાંતિભાઈ ગોયાણી (ઉ.વ.૩૯)એ આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં પ્રકાશભાઈના મિત્ર જિતુભાઈ મારફતે સરથાણાના સિલ્વર ચોક પાસે આવેલ શિવ કેમ્પસમાં ઓનલાઈન વર્કનો ધંધો કરતા ગૌતમ જગદીશભાઈ ડોબરીયા અને યુગ ભૂતનો સંપર્ક થયો હતો. શરૂઆતમાં બંને શખ્સો સમયસર પેમેન્ટ ચૂકવી વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ ચારેક મહિના સુધી પ્રકાશભાઈ પાસેથી સાડીઓ અને સલવાર સૂટનું જોબવર્ક કરાવી રૂપિયા ૧૮,૧૧,૦૦૦નું ભુગતાન ન કરી ખોટા વાયદા કર્યા હતા. પ્રકાશભાઈ તેમના ગોડાઉને તપાસ કરવા જતાં ગોડાઉન બંધ મળ્યું હતું અને મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ આવતા હતા. વધુ તપાસ દરમિયાન લસકાણા ખાતેના નવા ગોડાઉને પહોંચતા ત્યાં નયન નામનો યુવક હાજર હતો પરંતુ તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો.ત્યાં તપાસ કરતા અન્ય વેપારીઓ અને જોબવર્કર્સ પણ એકઠા થયા હતા. આરોપી ગૌતમ અને યુગ ભૂતે અજયભાઈ કાડિયાના રૂપિયા ૩૮.૭૫ લાખ, ઉપેન્દ્રભાઈ કાનાણીના રૂપિયા ૮.૩૮ લાખ, દિવ્યાંગભાઈ લુખીના રૂપિયા ૫.૦૦ લાખ, મૌલિકભાઈ માંડવિયાના રૂપિયા ૧.૨૨ લાખ, અમિતકુમાર વડાલીયાના રૂપિયા ૧૭.૭૧ લાખ, વિજયભાઈ મુલાણીના રૂપિયા ૧૩.૫૯ લાખ, વિપુલભાઈ ગુજરાતીના રૂપિયા ૮.૩૫ લાખ, જિતેશભાઈ ગુજરાતીના રૂપિયા ૬.૧૩ લાખ, રોમિતભાઈ ગુજરાતીના રૂપિયા ૯.૦૦ લાખ અને મોહમદ સૈયદ રાહત અન્સારીના રૂપિયા ૧.૯૬ લાખ મળી કુલ રૂપિયા ૧.૧૦ કરોડથી વધુની રકમ બોગી આપી ચૂકવણી કરી નહોતી. આમ, પ્રકાશભાઈના ૧૮.૧૧ લાખ અને અન્ય સાહેદોના ૧.૧૦ કરોડ મળી કુલ રૂપિયા ૧,૨૮,૨૪,૨૪૯ની છેતરપિંડી કરી આરોપીઓ ફરાર થઈ જતાં પોલીસે તપાસ હાથ ધરી છે.